॥ सा विद्या या विमुक्तये ॥

# શારદ

વર્ષ ૧૧ જાન્યુઆરી ૧૯૯૧ અંક ૩

## વાલીઓને,

### શિક્ષણુ કઈ ભાષામાં?

શિક્ષણની બોધભાષા કઈ એ વિષે ઘણા લાંબા સમયથી ચર્ચાઓ ચાલે છે. નિશ્ચિત રૂપે તેનો એક જ જવાબ હોય કે માતૃભાષા. બાળક શાળામાં આવીને જ શિક્ષણ મેળવે છે તેમ માનવું ભૂલભરેલું છે. શાળામાં આવતાં પહેલાં જ બાળક જન્મથી જ પોતાના કુટુંબમાં, પર્યાવરણમાં જ એટલું બધું માતૃભાષા દ્વારા જ શિખ્યું હોય છે કે એ માધ્યમથી તેને અલગ કરવું ખૂબ જ અનુચિત છે. શાળામાં આવીને તે માધ્યમ જ શિક્ષણનું પોષણ આપવા ઉત્તમ છે તેવો સ્વીકૃત અભિપ્રાય છે.

"આજે અંગ્રેજીનું આટલું બધું મહત્ત્વ છે તો ગુજરાતી માધ્યમમાં બાળકને શા માટે મોકલવું?" એવો વિચાર કેટલાક લોકો કરે છે. અંગ્રેજીનું મહત્ત્વ છે તે નિર્વિવાદ. ભાષા તરીકે તેને મહત્ત્વ આપી તે વિષય બાળકને સારી રીતે આવડે તે જોવું તે એક મહત્ત્વની વાત છે, પરંતુ તે માટે બોધભાષા, શિક્ષણનું માધ્યમ અંગ્રેજી હોવું જ જોઈએ તે કેવી રીતે આવશ્યક ગણાય? પોતાની માતૃભાષામાં બાળક ખૂબ જ સરળતાથી શીખે છે, તેના સર્વાંગી વિકાસ માટે તે આવશ્યક છે, પોપટની માફક તૈયાર કરેલું કદાચ થોડા સમય માટે પ્રભાવિત કરી શકે પરંતુ મજબૂત પોત માટે તો સાહજિક રીતે મેળવેલું જ ઉપયોગી બને છે જે માતૃભાષા દ્વારા જ સરળ બને છે.

આજના સામાજિક જીવનમાં, સાહિત્યિક ક્ષેત્રમાં, શૈક્ષણિક ક્ષેત્રમાં કે મેડિકલ અને એન્જિનિયરીંગ જેવા ક્ષેત્રોમાં અનેક મહાનુભાવો છે જેમણે શાળાકીય શિક્ષણ માતૃભાષામાં જ લીધું હોય. ઇમરજન્સીનાં સમયમાં લોકસભામાં અસરકારક ભૂમિકા ભજવનાર શ્રી પુરૂષોત્તમભાઇ માવળંકર તેમજ ગુજરાતનાં શિક્ષણક્ષેત્રમાં અંગ્રેજી સાહિત્યનુ આચમન કરાવનાર કવિશ્રી નિરંજનભાઈ ભગત પોતાનું શાળાકીય ભાથું માતૃભાષામાં જ લઈ ને આવ્યાં છે.

અંગ્રેજી અંગે સ્વાતંત્ર્ય પછી સરકારની ખોટી નીતિને કારણે અંગ્રેજી માધ્યમની શાળાઓ બિલાડીના ટોપની માફક ખૂલી. શ્રેણી પાંચથી અંગ્રેજી બંધ કરવાના પરિણામે અમારા બાળકો અંગ્રેજી ભાષાને પરિણામે મળતાં લાભોથી વંચિત રહી જશે એવો ભય આવી શાળાઓનું ચાલક બળ બન્યું, આને પરિણામે ગોખણપટ્ટી અને ખોટાં બોજાથી બાળકને ભારે નુકસાન પહોંચતું ગયું. જે બાળકો એ પરિસ્થિતિમાં ટકી શકે તેવી તેમની ક્ષમતાને કારણે, જો કે તેમને થતું નુકસાન નજરે ન ચડયું તેટલું જ. જે થોડાં વર્ષોપછી ચાલી ન શકયાં તેમની સ્થિતિ તો ધોબીના કૂતરા જેવી કરવા બદલ માતાપિતાએ પસ્તાવાનો જ વારો આવ્યો. જે વહેલાં અને સમયસર ચેત્યાં તે નસીબદાર.

આજની પરિસ્થિતિમાં વ્યવહાર માટે, જ્ઞાન માટે, અંગ્રેજીના મહત્ત્વ વિષે બે મત ન હોઇ શકે. સારું અંગ્રેજી બાળકને મળે તેવું શૈક્ષણિક માળખું નથી તે આપણી કમનસીબી, પરંતુ સારું અંગ્રેજી આપવા તેને માધ્યમ બનાવવાની જરૂર નથી. વિષય તરીકે સારું અંગ્રેજી આપવાના પૂરક પ્રયત્નો કરી બોધભાષા તરીકે માતૃભાષા જ હોય. બાળકના સર્વાંગી વિકાસ માટે આવી ભૂમિકા હોવી ઘટે.

દિનુભાઈના વંદન

### શ્રદ્ધાંજલિ

કવિશ્રી ઉમાશંકર જોષી, શ્રી સ્નેહરશ્મિ અને શ્રી સુંદરમ્‌ની કવિ ત્રિપુટીએ ગુજરાતની ગત યુવાપેઢીને ગુજરાતી સાહિત્ય પ્રત્યે અભિમુખ કરવામાં જે મૂલ્યવાન ફાળો આપ્યો છે, તે બદલ ગુજરાતની સાહિત્ય રસિક જનતા સદા તેમની ઋણી રહેશે. આ ત્રિપુટીનો અસ્ત થતાં ગુજરાતે જ નહીં પણ ભારતે પણ સાહિત્ય ક્ષેત્રે કયારેય નપૂરી શકાય તેવી ખોટ અનુભવી છે. લગભગ એક જ વર્ષના ટૂંકા ગાળામાં ગુજરાતે આ ત્રણેય મહાન સારસ્વતો ગુમાવ્યાં છે. શ્રી સ્નેહરશ્મિ અને શ્રી સુંદરમ્ તો માત્ર એકાદ અઠવાડિયાનાં ગાળામાં જ ગુજરાતે ગુમાવ્યા છે.

"ફરતી પીંછી
અંધકારની દ્વીપ
નહીં રંગાય"

અનુસંધાન પાન ૨ ઉપર

## સ્વયંશિક્ષણ દિન

શાળાનું ચોગાન આજે વિદ્યાર્થીઓનાં ઉત્સાહથી ધમધમી ઊઠયું હતું. એક પછી એક વિદ્યાર્થી ભાઈબહેનો જે રીતે તૈયાર થઈને આવતાં હતાં તે જોઈ દૂરથી તો એવો આભાસ થતો હતો કે કોઈ વાલી હશે. પરતું પાસે આવીને પ્રણામ કરતાં ગયાં ત્યારે જ ખ્યાલ આવ્યો કે આ તો સ્વયંશિક્ષણ દિન અને તે અંગે ભજવવાની ભૂમિકાની પૂર્વ-ભૂમિકા હતી.

વિદ્યાર્થીઓને ફક્ત આ એક જ દિવસનાં આયોજનથી કેટકેટલું શિખવા મળે છે? તેમનામાં રહેલાં ભાવો અને પ્રતિભાવોની આ અભિવ્યક્તિમાંથી આપણને પણ કેટકેટલું જાણવા મળે છે! માણસ માત્રમાં જન્મજાત રીતે આવતાં 'અહમ્' ને આવા કાર્યક્રમોમાંથી ખૂબ પ્રોત્સાહન મળે છે. તેનામાં છૂપાઇને પડેલી અનેક શક્તિઓ અને ક્ષમતા આવા પ્રસંગે વ્યક્ત થઇ શકે છે, ને તે સાથે તેની એ ક્ષમતા ને શક્તિની આ રીતે થતી કદર તેને માટ જીવનનું એક સુખદ સંભારણું બની રહે છે.

સ્વયંશિક્ષણ દિનના આ કાર્યક્રમ દ્વારા વિદ્યાર્થીની દષ્ટિમાં કયા શિક્ષકની કેવી માનસિક છાપ છે તેનું પણ સ્પષ્ટ દર્શન થાય છે ને તે શિક્ષકની પ્રતિકૃતિ બની રહેવાનો તેઓ શકય તેટલો બધો જ પ્રયાસ કરે છે. આમાં તેમનું રોજેરોજનું નિરીક્ષણ, અનુકરણ શક્તિ, બંને એટલા બધાં ઉપયોગી બની રહે છે કે કયારે ક તો આપણને પણ નવાઇ લાગે છે કે આટઆટલા વર્ષોથી જે શિક્ષક સાથે આપણે કામ કરીએ છીએ એ શિક્ષકોની આ લાક્ષણિક્તાઓ આપણા પણ ધ્યાનબહાર રહી ગઇ!

સ્વયંશિક્ષણ દિનના આવા આયોજનથી વિદ્યાર્થીના દૃષ્ટિમા ઉપસતા શિક્ષકના વ્યક્તિત્વનું સમગ્ર ચિત્ર રજૂ થાય છે ને સાથે સાથે ભૂમિકા વર્તનનાં વ્યાવહારિક પાઠ શીખવાની પણ તેમને તક મળે છે. વિદ્યાર્થીનાં સર્વાંગી વિકાસમાં આ સ્વયંશિક્ષણદિનનો ફાળો નાનો સૂનો નથી. તેમનાં સાચાં ઘડતર માટે એ બહુ જરૂરી છે.

ઉર્મિલા શાહ

### જાગો રે જાગો

જાગો રે જાગો સૂરજ ઊગે
પંખીડા મીઠાં ગીત ગાય રે, મોર ટહુકે ટહુકે,
કૂકડો બોલે કૂકડે કૂક અજવાળુ ફેલાય.
ફૂલ ખીલે સુંદર પતગિયા જાગે.
ઝાડ જાગે લીલાલીલા, માણસ જાગે વહેલા
કોયલ બોલે કૂક કૂક એ સાંભળી
દૂર દૂર ઝાલર વાગે, મંદિરમાં દેવ ઊઠે.
સહુ પોતાનાં કામ કરે, નાહીધોઈ તૈયાર થઈ
પૂજા કરે, પંખીડા અવાજ ખૂબ કરે....જાગો.

અમૃતા વ્યાસ [૩અ]

(પાના નં. ૧ પરથી ચાલુ)

"તું તો પૂર્ણિમા
ઝંખના હૈયે મારે
બીજ કલાની" –સ્નેહરશ્મિ

ફક્ત ૭ જ શબ્દોની 'હાઈકુ'ની રચનાઓ જીવન પ્રત્યે કેવી આંતરસૂઝ જગાડી જાય છે! શ્રી સ્નેહરશ્મિનાં કાવ્યોમાં સૃષ્ટિ સૌંદર્યની સાથે સાથે જીવનનું તત્વજ્ઞાન, રાષ્ટ્રપ્રેમની ભાવના તથા માનવપ્રેમની લાગણી અભિવ્યકત થાય છે.

"હજી ઘણાં અદ્રિ ઉલંઘવાના
હજી ઘણાં સાગર માપવાનાં

"હું ચાહું છું સુંદર ચીજ સૃષ્ટિની
ને જે અસુંદર રહી તે સર્વ
મૂકું કરી સુંદર ચાહી ચાહી"

— સુંદરમ્

જીવન પ્રત્યેની આ કેવી લાગણીભરી પ્રેમભરી દષ્ટિ! શ્રી સુંદરમ્ ગાંધીયુગના ભાવનાવાદી કવિ હતા. તેમનાં કાવ્યોમાં પિડીતો પ્રત્યે સહાનુકંપા પ્રગટ થાય છે. તેમાં રાષ્ટ્રમુક્તિનો ઉત્સાહ જણાય છે. ફક્ત ૨૪ વર્ષની વયે તેમણે શ્રી રણજીતરામ સુવર્ણચંદ્રક મેળવ્યો ને તે ઉપરાંત અનેક પારિતોષિકો તથા સન્માનપત્રો પણ મેળવ્યા. 'જીવનની વાસ્તવિક્તાની પકડ તથા કલ્પનાશીલ રંગદર્શી માનસે એમની કવિતાને અનેક મર્માળા, કરુણ, મધુર ચિત્રોથી સમૃદ્ધ કરી છે. જીવનના કટુ વાસ્તવના કટાક્ષમય દર્શનથી માંડીને પરમ તત્વની તીવ્ર ઝંખનાની આભવ્યક્તિ સુધીની એમની કવિતાની યાત્રા એમના કાવ્ય સંગ્રહોમાં અંકિત થઈ છે. પ્રેમ, પ્રકૃતિ અને પ્રભુ એમની કવિતાના પ્રધાન કાવ્ય વિષયો છે. ભાવની મસ્તી અને ચિંતનની ફોરમને કારણે એમની રચનાઓ તેજસ્વી બની છે.

સ્વ. શ્રી સ્નેહરશ્મિ અને સ્વ. શ્રી સુંદરમ્‌ને આપણા હૃદયની ભાવભરી શ્રદ્ધાંજલિ.

## શ્રદ્ધાંજલિ

સંસ્થામાં ઘણાં લાંબા સમય સુધી સેવા આપનાર સંસ્થાના કાર્યનિષ્ઠ નિવૃત્ત શિક્ષક શ્રી હિંમતભાઈ જાનીના દુઃખદ અવસાનથી સૌએ શોકની લાગણી અનુભવી છે. તે માટે યોજાયેલ શોકસભામાં બે મિનિટ મૌન પાળી સૌએ તેમને ભાવભરી અંજલિ આપી હતી ઈશ્વર સદ્ગતનાં આત્માને ચિરશાંતિ આપે એ જ પ્રાર્થના.

# સંસ્થાકીય સમાચાર

## બાલમંદિર

તા. ૧-૧૨-૯૦ને શનિવારે સવારનાં બાલમંદિર "ब" વિભાગનાં બાળકો લૉ ગાર્ડનનાં પ્રવાસે ગયા. આ માટે દસ રીક્ષાવાળા ભાઈઓએ પ્રેમપૂર્વક, બાળકોને લાવવા લઈ જવાની જવાબદારી સ્વેચ્છા પૂર્વક વિનામૂલ્યે ઊપાડી લીધી ને બાળકોને હોંશથી પ્રવાસ કરાવ્યો.

તા. ૪-૧૨-૯૦ને મંગળવારના રોજ બાલમંદિર 'अ' વિભાગનાં બાળકોનો કાંકરિયા પ્રાણીસંગ્રહાલયનો પ્રવાસ યોજવામાં આવ્યો હતો. સવારથી આકાશ થોડું ઘેરાયેલું હતું એટલે થોડી ચિંતા તો હતી જ, પરંતુ વરસાદની ઋતુ ન હોવાથી પ્રવાસ તો ઊપાડયો. લગભગ અગિયાર વાગ્યા હતાં ને બાળકો રસ્તામાં જ હતાં, ત્યાં વરસાદ શરૂ થયો એટલે વરસાદ ચાલુ હતો ત્યાં સુધી લગભગ પોણો કલાક બાળકોને કાંકરીયા તળાવનું ચક્કર બસમાં જ મરાવ્યું, જોડકણાં, ગીતો, અને વરસાદને કારણે પવનની ઠંડી લ્હેરો વચ્ચે બાળકો તો ખુશખુશાલ હતાં. વરસાદ બંધ રહેતાં બાળકો બસમાંથી ઊતર્યા અને પ્રાણી-સંગ્રહાલયમાં ગયાં, ત્યાં વાઘ સિંહ વિ. ને મેઘની માફક ગર્જના કરતાં નજરે નિહાળ્યા. બાળકોનાં આનંદનો કોઈ પાર ન હતો. ફરી પાછો વરસાદ ઘેરાયો, એનું એકાદ સુંદર ઝાપટું આવ્યું. ત્યાં સુધી બાળકોએ શેડની અંદર બેસી નિરાંતે નાસ્તો કર્યો. ફરી પાછો વરસાદ બંધ રહી જતાં સૌ બાળકો બસમાં ગોઠવાઈ ગયાં અને બાલમંદિર સમયસર પાછાં ફર્યા. વાલીઓને ઉચાટ થાય તે સ્વાભાવિક છે, પરંતુ 'રામ રાખે તેને કોણ ચાખે ?' ને પ્રવાસ સરસ રીતે પાર પડયો.

તા. ૮-૧૨-૯૦ ને શનિવારે તાલીમ મંડળીના બાળકોએ રીક્ષામાં જ વાસણા ડેમનો પ્રવાસ કર્યો. ડેમની વિગતવાર સમજ સાથે તેનું અવલોકન કર્યું, ને પછી ત્યાના ક્રિડાંગણમાં ખૂબ રમ્યાં. સૌએ પોતપોતાની ટુકડીમાં ગોઠવાઈને નાસ્તો કર્યો, ને આનંદ કરી બાલમંદિર પાછાં ફર્યા.

તાલીમમંડળીના બાળકો હજી સમયસર બાલમંદિરમાં આવતાં નથી બાળકોને સમયસર બાલમંદિરમાં પહોંચાડવાની વ્યવસ્થા કરવા વાલીઓને અમારી ખાસ વિનંતિ, બાળકોમાં શિસ્તનાં શિક્ષણ માટે આ એક મહત્ત્વનું અંગ છે.

**અભિનંદન :-**

તાલીમવર્ગના કુ. દેવાંગી સંજય મુન્શીને ભૂવનેશ્વર ના 'સૂનંદા પર્થા' ફાઉન્ડેશન તરફથી યોજાયેલ ચિત્ર સ્પર્ધા 'I love trees' માં ઇનામ મળ્યું છે તથા શંકર્સ આંતરરાષ્ટ્રીય બાલચિત્ર સ્પર્ધામાં 'રૌપ્યચંદ્રક' મળે છે. તે માટે તેમને અભિનંદન.

## શિશુમંદિર

ઈતર પ્રવૃતિને અનુલક્ષીને ગૃહનેતા અને ઉપગૃહનેતાઓની નિમણુંક કરવામાં આવી છે.

| મેઘનાદ | ભાઈઓ | બહેનો |
|---|---|---|
| નેતા | પ્રિયાંક ઠાકરસી (૭क), | મિલોની ફોજદાર (૭अ), |
| ઉપનેતા | સાગર શાહ (૭क), | નિધિ ગોદાની (૭अ), |
| રત્નદીપ | | |
| નેતા | સ્નેહલ ભટ્ટ (૭अ), | દેવલ સોપારકર (૭क), |
| ઉપનેતા | કુણાલ શાહ (૭ब), | શિમોલી પટવા (૭ब), |
| ધવલગિરિ | | |
| નેતા | સમર દલાલ (૭अ), | રૂપા વ્યાસ (૭क), |
| ઉપનેતા | હાર્દિક પરીખ (૭ब), | આનલ ભટ્ટ (૭अ), |
| ગંગોત્રી | | |
| નેતા | કુંતલ શાહ (૭अ), | સેજલ એમ. શાહ (૭क), |
| ઉપનેતા | નિગમ શાહ (૭क), | પલક તેલી (૭क), |

વક્તવ્ય :- શિશુમંદિરના વિદ્યાર્થીઓ માટે નીચે પ્રમાણે વક્તવ્ય યોજાયા. જેમાં વિદ્યાર્થી ભાઈબહેનોએ ઉત્સાહભેર ભાગ લીધો.

૧૪-૧૧-૧૯૯૦ 'બાલદિન સ્વ. નહેરૂજી જયંતિ
૧૯-૧૧-૧૯૯૦ સ્વ. શ્રી ઈંદિરાજી જયંતિ
૮-૧૨-૧૯૯૦ સ્વ.શ્રી રાજગોપાલાચારી જયંતિ(રાજાજી)
૨૫-૧૨-૧૯૯૦ નાતાલ નિમિતે શુભેચ્છા સંદેશા
૭-૧-૧૯૯૧ સ્વ. શ્રી સ્નેહરશ્મિને શ્રદ્ધાજલિ માટે પ્રાર્થના મૌન તથા અંજલિ.

**ચિત્ર પરીક્ષા :-** રાજ્ય શિક્ષણ બોર્ડ તરફથી લેવાતી ચિત્ર પરીક્ષામાં એલીમેન્ટરી પરીક્ષામાં ૬૨ વિદ્યાર્થીભાઇબહેનોમાંથી ૬૦ પાસ થયાં છે. જ્યારે ઈન્ટરમિડિયેટ પરીક્ષામાં ૨૮માંથી ૨૫ વિદ્યાર્થી ભાઈબહેનો પાસ થયા છે. સૌ પાસ થનાર વિદ્યાર્થી ભાઇબહેનોને અભિનંદન.

**આંતરગૃહ સ્પર્ધા :-**

૧૫-૧૨-૯૦ ના રોજ આંતરગૃહ સુગમ સંગીત સ્પર્ધા યોજવામાં આવી. જેમાં નીચે પ્રમાણે ભાઈબહેનો વિજેતા નિવડયાં છે. તે માટે તેમને અભિનંદન.

પ્રથમ :- હૃદય દેસાઈ (૭ अ), ધવલગિરિ
દ્વિતીય :- વિરાજ શાહ (૭ क), રત્નદીપ
રૂચિ સોપારકર (૫ ब), ગંગોત્રી
તૃતીય :- બીજલ મુનીમ (૭ ब), મેઘનાદ
શિવાની ત્રિવેદી (૭ क), મેઘનાદ

નિર્ણાયક તરીકે સેવા આપવા માટે આપણા ભૂતપૂર્વ વિદ્યાર્થિની કુ. પૂર્વી શાહ તરફ આભારની લાગણી વ્યક્ત કરું છું.

૧૭-૧-૯૧ ના રોજ સેલાડ તથા પતંગ બનાવવાની સ્પર્ધા યોજવામાં આવી જેમાં વિજેતા નીવડનાર

નીચે પ્રમાણે ભાઈબહેનોને ધન્યવાદ

**સેલાડ સ્પર્ધા :-**

| | | | |
|---|---|---|---|
| પ્રથમ :- | અનાર પટેલ | (૬અ), | રત્નદીપ |
| દ્વિતીય :- | નીતિ શાહ | (૬અ), | ધવલગિરિ |
| | દેવલ સોપારકર | (૭ક), | રત્નદીપ |
| તૃતીય :- | ધવલ ભૂતા | (૭અ), | મેઘનાદ |
| | સમર દલાલ | (૭અ), | ધવલગિરિ |

**પતંગ બનાવવાની સ્પર્ધા :-**

| | | | |
|---|---|---|---|
| પ્રથમ :- | નમન મહેતા | (૭અ), | ગંગોત્રી |
| દ્વિતીય :- | સેજલ એમ શાહ | (૭ક), | ગંગોત્રી |
| | ગાયત્રી પટેલ | (૫ક), | રત્નદીપ |
| તૃતીય :- | અંકિત ડણાક | (૭અ), | ધવલગિરિ |
| | રીનલ લાખાણી | (૭અ), | ધવલગિરિ |

**અભિનંદન :-**

ચિત્ર :-

ચિ. પ્રિયાંગી મુન્શી (૪ ક)ને શંકર્સ ઇન્ટરનેશનલ ચિલ્ડ્રન્સ કોમ્પીટીશનમાં ત્રીજીવાર ઇનામ મેળવવા બદલ અભિનંદન.

ગુજરાત બાલ કલ્યાણ સંઘ તરફથી યોજાયેલ ચિત્ર સ્પર્ધામાં રાષ્ટ્રીય કક્ષાએ વ્હાઇટ ગ્રુપમાં આશ્વાસન ઇનામ મેળવવા દિલ્હી જવાનું આમંત્રણ મેળવવા બદલ ચિ. અર્પી સ્નેહલભાઈ શાહને અભિનંદન. તેમણે ગોલ્ડ સ્પોટમાં પણ દ્વિતીય ઇનામ મેળવ્યું છે.

ચિ. બિજલ દિલીપભાઈ શાહ (૫ ક)ને શંકર્સ ઇન્ટરનેશનલ ચિલ્ડ્રન્સ કોમ્પીટીશનમાં રૌપ્યચંદ્રક મેળવવા બદલ અભિનંદન.

**તરણ સ્પર્ધા :-**

ચિ. આમ્પી પટેલે (૬ ક) ગુજરાત સ્ટેટ એકવેટીક એસોશીયેશન તરફથી યોજાયેલ તરણ સ્પર્ધામાં બ્રેસ્ટ સ્ટ્રોકમાં બીજુ ઇનામ મેળવ્યું છે. અમદાવાદ મિલીટરી એન્ડ રાઈફલ ટ્રેનીંગ એસોસીએશન તરફથી યોજાયેલ તરણ સ્પર્ધામાં બટરફલાય સ્ટ્રોકમાં ત્રીજુ, ફ્રીસ્ટાઇલમાં બીજુ, બ્રેસ્ટ સ્ટ્રોકમાં ૧લું અને બેક સ્ટ્રોકમાં ૧લું ઇનામ મેળવ્યું છે. ઇન્ટરકલબમાં બ્રેસ્ટ સ્ટ્રોકમાં ૩જુ, બેક સ્ટ્રોકમાં ૨જુ, ફ્રીસ્ટાઇલમાં ૩જુ ઇનામ મેળવ્યું છે તથા ડીસ્ટ્રીકટ લેવલ ઉપર પણ આઠ ઇનામો મેળવેલ છે તે માટે તેમને ધન્યવાદ.

**સ્કેટીંગ :-** 'માદક દ્રવ્ય નાબુદી' તથા સાક્ષરતા અભિયાન માટે લાયન્સ કલબ ઓફ સાલા અને એલીસબ્રીજ જુનીયર ચેમ્બર યોજીત અમદાવાદથી પોરબંદર સ્કેટીંગ કરવા બદલ કુ. આમ્પી પટેલે સર્ટીફીકેટ મેળવ્યું છે તે માટે અભિનંદન

મેડિકલ એસોશિયેશન તથા નશાબંધી અને આબકારી ખાતા તરફથી યોજાયેલ ચિત્ર સ્પર્ધામાં તથા ગુજરાત રાજ્ય જીલ્લા પંચાયત રમતગમત વિભાગ તરફથી યોજાયેલ ચિત્ર સ્પર્ધામાં ઇનામો મેળવવા બદલ હરીણી દેસાઇ તથા ક્રિષ્ણા દેસાઈને અભિનંદન.

## વિનયમંદિર

તા. ૬-૧૨-૯૦ નાં રોજ શ્રી પ્રમોદભાઈ અંગ્રેજીએ 'મંગળના ગ્રહ' વિષે ખૂબ વિસ્તારપૂર્વક માહિતી રજૂ કરી.

તા. ૧૩-૧૨-૯૦ નાં રોજ દુનિયાનાં સાતેય ખંડ અને ૫૬ જેટલાં દેશોનો પ્રવાસ ખેડી ચૂકેલા ગુજરાતી સાહિત્યનાં કવયિત્રી અને લેખિકા કુ. પ્રીતિ સેનગુપ્તાનું પ્રવચન યોજવામાં આવ્યું, જે વિદ્યાર્થીઓ માટે માહિતી· સભર અને રસપ્રદ બની રહ્યું.

તા. ૨-૧-૯૧ નાં રોજ પ્રો. શ્રી મહેશભાઈ ઠાકરે 'Life is an art' વિષય પર મનનીય પ્રવચન આપ્યું.

**રમતોત્સવ :-** તા. ૧૧ તથા ૧૨મી જાન્યુઆરી ૧૯૯૧નાં રોજ ધો. ૮ તથા ૯નો રમતોત્સવ યોજવામાં આવ્યો જેમાં આંતરગૃહ સ્પર્ધાઓ યોજવામાં આવી.

**પ્રવાસ :-** તા. ૧૬-૧૨-૯૦ નાં રોજ ધોરણ ૧૦નાં વિદ્યાર્થીઓ માટે 'સાલડી'નો પ્રવાસ યોજવામાં આવ્યો.

તા. ૧૪, ૧૫, ૧૬ ડિસેમ્બર ૧૯૯૦નાં રોજ નેચર કલબનાં ઉપક્રમે 'વેળાવદર' કેમ્પ યોજવામાં આવ્યો જેમાં લગભગ ૧૦૦ જેટલાં વિદ્યાર્થી ભાઈબહેનોએ ભાગ લીધો હતો.

**અભિનંદન :-** સપ્ટેમ્બર ૧૯૯૦માં લેવાયેલ હિંદી રાષ્ટ્રભાષા પરિચયની પરીક્ષામાં ધો. ૯ ક નાં પરીક્ષિત ધનંજય વ્યાસ અમદાવાદમાં ચોથા નંબરે આવ્યાં છે તે માટે અભિનંદન.

ચિત્ર :- ધો. ૯ અના ચિ. કોમલ બોડીવાલાને શંકર્સ ઇન્ટરનેશનલ ચિલ્ડ્રન્સ કોમ્પીટીશનમાં રૌપ્યચંદ્રક મેળવવા બદલ અભિનંદન.

**સ્કેટીંગ :-** તા. ૮-૧૨-૯૦ તથા ૯-૧૨-૯૦ નાં રોજ સુરત ખાતે યોજાયેલ સ્ટેટ ચેમ્પીયનશીપમાં ધો. ૧૧ બ નાં ચિ. ચાંદની પટવાને ૬ સુવર્ણચંદ્રક તથા ૨ ચેમ્પીયનશીપ ટ્રોફી મેળવવા બદલ અભિનંદન.

તેનાલી કેમેરા કલબ આયોજીત મહિલા માટેની ફોટો કોમ્પીટીશનમાં કુ. રાની દવે [ધો. ૧૦] ને સર્ટીફીકેટ ઓફ મેરીટ મેળવવા બદલ અભિનંદન.

તંત્રી, મુદ્રક, પ્રકાશક : હિનુભાઇ દ. દવે આચાર્ય અને નિયામક, શારદામંદિર, અમદાવાદ-૩૮૦૦૦૭.

સ્થળ : વિકાસ મુદ્રણાલય, વિકાસગૃહ, અમદાવાદ-૩૮૦૦૦૭. ફોન : ૪૧૨૭૮૮